


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮૩ | ૨૪ ડિસેમ્બર, ૨૦૧૬, શનિવાર ; માગશર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







# જીએસટીમાં ડ્યુઅલ કન્ટ્રોલના મુદ્દે અસહમતિ

## અરુણ જેટલીના નેતૃત્વમાં વિવિધ પાસા ઉપર ચર્ચા વિચારણા : જીએસટી અમલી બન્યા બાદ રાજ્યને નુકસાન માટે વળતર દર બે મહિને ચુકવાશે

નવીદિલ્હી,તા. ૨૩

નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાઉન્સિલની બે દિવસીય બેઠક આજે પૂરી થઈ હતી. જીએસટી કાઉન્સિલની બેઠકમાં ડ્યુઅલ કન્ટ્રોલના મુદ્દા ઉપર કોઈપણ સર્વસંમતિ થઈ શકી નથી. આ બેઠક ફરી એકવાર ફ્લોપ રહી છે. જો કે, કાઉન્સિલમાં કેટલાક રાજ્યોના ટેક્સના મામલામાં થઈ રહેલા નુકસાનને પહોંચી વળવા રાજ્યોને વળતર આપવાના મુદ્દે ફોર્મ્યુલા ઉપર સહમતિ થઈ હતી. કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ સાતમી જીએસટી બેઠક અંગે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, રાજ્યોને નુકસાન માટે ૧૦૦ ટકા વળતર આપવામાં આવશે. કાઉન્સિલે સેન્ટ્રલ જીએસટી અને સ્ટેટ ડ્રાફ્ટ કાયદાને

મંજુરી આપી દીધી છે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં કાઉન્સિલની બેઠક ફરી એકવાર મળશે જેમાં ડ્યુઅલ કન્ટ્રોલના મુદ્દા ઉપર ફરી વિચારણા હાથ ધરવામાં આવશે. ડ્યુઅલ કન્ટ્રોલ હેઠળ રાજ્યો નાના વેપારીઓને ટેક્સ આપવાના મુદ્દે જીએસટીને લઈને વાત કરી રહ્યા છે. ૧.૫ કરોડના વાર્ષિક ટર્ન ઓવર ધરાવતા કારોબારીઓને લઈને જુદી જુદી રજૂઆતો કરવામાં આવી રહી છે. જીએસટી કાઉન્સિલની બેઠક બે દિવસથી ચાલી રહી હતી. આ બેઠકમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી રહી હતી. જીએસટી કાઉન્સિલની રચના કરવામાં આવ્યા બાદથી જ આ મુદ્દા ઉપર ભારે સસ્પેન્સની સ્થિતિ રહી છે. જીએસટી બિલને પસાર કરવામાં




● અનુસંધાન પાન-૭ પર

## રિઝર્વ બેંક ૧૪.૪૦ લાખ કરોડ જમા થયા

નવી દિલ્હી, તા.૨૩

૫૦૦ અને ૧૦૦૦ની નોટ રદ કરાયા બાદ ૮મી નવેમ્બરથી ૧૯મી ડિસેમ્બર સુધીમાં જુની નોટો ૧૪.૪૦ લાખ કરોડની રિઝર્વ બેંકમાં જમા થઈ છે. આરબીઆઈના જણાવ્યા મુજબ રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની કુલ ૧૫.૪૪ લાખ કરોડની ચલણી નોટો વ્યવહારમાં હતી જેમાંથી ૧૪.૪૦ લાખ કરોડ જમા થયા છે. આમ હવે ૧.૦૪ લાખ કરોડની નોટ જ જમા કરાવવા માટે માત્ર ૬ દિવસ બાકી છે.

## આઈટી રિટર્ન નહીં ભરનાર પર આવકવેરા વિભાગની બાજ નજર

નવી દિલ્હી, તા. ૨૩

ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે વધુ ૬૭.૫૪ લાખ લોકોની ઓળખ કરી છે. આ તમામ લોકો ઉપર ઈન્કમટેક્સ વિભાગની હવે બાજ નજર રહેશે. વર્ષ ૨૦૧૪-૧૫માં મોટી રકમની લેવડદેવડ જે લોકો દ્વારા કરવામાં આવી છે તેવા લોકોની ઓળખ કરવામાં આવી છે. આ લોકોએ વર્ષ ૨૦૧૫-૧૬માં ટેક્સ રિટર્ન દાખલ કર્યા નથી. ડિપાર્ટમેન્ટ આવા લોકોની સામે ટૂંક સમયમાં જ કાર્યવાહી શરૂ કરે તેવી પ્રબળ સંભાવના દેખાઈ રહી છે.

આ જાણકારી બેંકો અને બીજી નાણાંકીય સંસ્થાઓ પાસેથી એકત્રિત કરવામાં આવી રહી છે. કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ (સીબીડીટી)ના આંકડાની તપાસ કરવામાં આવી છે જેમાં ઈન્કમટેક્સ રિટર્ન નહીં ભરનાર લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. જુદા જુદા સોર્સ પાસેથી પ્રાપ્ત ડેટાબેઝમાં દાખલ ટ્રાન્ઝિક્શન રિપોર્ટથી આ સંદર્ભમાં વિશેષ માહિતી હાથ લાગી છે.

## હરિશ રાવત સામે સમન્સ જારી કરાયું

નવી દિલ્હી, તા. ૨૩

સીબીઆઈએ ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરિશ રાવતને સ્ટિંગ સીડી કેસમાં સમન્સ જારી કરીને ૨૬મી ડિસેમ્બરે તેની સમક્ષ ઉપસ્થિત થવા માટે કહ્યું છે. અત્રે નોંધનીય છે કે, એક ખાનગી ટીવી ચેનલ દ્વારા કરવામાં આવેલા સ્ટિંગમાં મુખ્યમંત્રી રાવત કોઈ વ્યક્તિ સાથે વાતચીત કરતા નજરે પડી રહ્યા છે જેનો ચહેરો સ્પષ્ટપણે દેખાઈ રહ્યો નથી. વિડિયોમાં મુખ્યમંત્રી લાંચ આપીને ધારાસભ્યોના સમર્થન મેળવી લેવાની વાત કરી રહ્યા છે. વિડિયોને કોંગ્રેસના નવ અસંતુષ્ટ નેતાઓ દ્વારા જારી કરવામાં આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં ખળભલાટ મચી ગયો હતો. અસંતુષ્ટ નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે, મુખ્યમંત્રીએ લાંચ આપીને તેમના સમર્થન મેળવી લેવાના પ્રયાસો કર્યા હતા. રાવત આ મામલામાં અગાઉ પણ બે વખત સીબીઆઈની સામે ઉપસ્થિત થઈ ચુક્યા છે.

## ગોવા-પંજાબમાં એએપીમાં આંતરિક મતભેદ સપાટીએ

નવી દિલ્હી, તા. ૨૩

આમ આદમી પાર્ટી ગોવા અને પંજાબ આંતરિક મતભેદોના કારણે મુશ્કેલીનો સામનો કરી રહી છે. આમ આદમી પાર્ટીમાં અસંતોષનું મોજુ જોવા મળી રહ્યું છે જેના કારણે આ બંને રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને પરેશાન દેખાઈ રહી છે. આ રાજ્યોમાં પાર્ટીના કાર્યકરો અને નેતા ટિકિટ વહેંચણી અને બહારી લોકોની સામે અવાજ ઉઠાવી રહ્યા છે. પાર્ટી પંજાબની ૧૧૭ અને ગોવાની ૪૦ વિધાનસભા બેઠક પર ચૂંટણી લડીને રાષ્ટ્રીય સ્તર પર પોતાની હાજરી પુરવાર કરવાના પ્રયાસમાં છે. આ રાજ્યોમાં પાર્ટીની તૈયારી શરૂઆતમાં જોરદાર હતી પરંતુ હવે મતભેદોની શરૂઆત થઈ ગઈ છે.














